ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મનપામાં સરકારની મંજૂરી પછી સાત સમિતિઓની રચના કરાશે

**આજે સામાન્ય સભા સમિતિઓની રચનાનો યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરી રહી છે : મહેન્દ્ર દાસ**





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપાની સામાન્ય સભાએ આજે મનપામાં સાત સમિતિઓની રચના માટે રજુ થયેલી દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. જે હવે રાજ્ય સરકારની મંજૂરી માટે જશે અને તે મંજૂર થયેથી સમિતિઓની રચનાની કામગીરી હાથ ધરવામાં આવશે.

આજે બપોરે ૧ વાગે મનપાના સભાખંડમાં યોજાયેલ સામાન્ય સભામાં આ દરખાસ્તને બહાલી આપવામાં આવી છે. આજની આ બેઠકમાં જાહેર આરોગ્ય સમિતિ, ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ સમિતિ, સેનીટેશન સીવરેજ અને સ્ટ્રીટલાઈટ સમિતિ, બાગાયત સમિતિ, મહિલા અને બાળ વિકાસ કલ્યાણ સમિતિ, કરવેરા અને અન્ય આવકોની સમિતિ તેમજ બાંધકામ સમિતિની રચના કરવામાં આવશે.

આજે સામાન્ય સભામાં આ દરખાસ્ત પરની ચર્ચામાં ભાગ લેતાં ભાજપના સિનીયર કાઉન્સીલર મહેન્દ્રભાઈ પટેલ (દાસે) યોગ્ય સમયે યોગ્ય નિર્ણય આજની સામાન્ય સભા લઈ રહી હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

## મનપા સીએનડીસી વિભાગના મહેકમ માળખામાં સુધારાની દરખાસ્તને મંજૂર કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપાની આજે મળેલ સામાન્ય સભામાં સીએનડીસી વિભાગના મહેકમમાં વધારો કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

મનપાની આજે મેયર હિતેશ મકવાણાના અધ્યક્ષપદે મળેલી સામાન્ય સભામાં કમિશનર તરફથી આ અંગે આવેલી દરખાસ્ત રજુ કરાઈ હતી. ચર્ચામાં ભાગ લેતા ડૉ. સંકેત પંચાસરાએ આ મુદ્દે ઉગ્ર રજુઆત કરતાં જણાવ્યુ હતુ કે વહીવટીય અધિકારીની નિમણુંક જરૂરી છે. આ કામગીરી ટેકનીકલ સ્ટાફ પાસે કરાવવામાં આવે તો તેની સ્કિલનો ઉપયોગ આપણે ક્યારે કરી શકીશુ.

તેમણે કમિશનરની દરખાસ્ત યોગ્ય હોવાનું કહી દરખાસ્તને બહાલી આપવા જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે ઢોર ડબ્બામાં ફરજ બજાવતા કર્મચારીઓને વહીવટીય સેવા સાથે સાંકળી શકાય નહિ તેમજ તેમની સેવાઓ ઉપરાંત વધારાની

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં વરસાદી માહોલ યથાવત : ૫ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં વરસાદી માહોલ સતત ત્રીજા દિવસે પણ યથાવત રહ્યો છે. જો કે ધોધમાર વરસાદના બદલે વરસાદી ઝાંપટા પડી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ છવાયેલો છે. ક્યારેક ધોધમાર તો ક્યારેક ઝરમર વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદના કારણે શહેરનું વાતાવરણ હીલસ્ટેશન જેવુ લાગી રહ્યુ છે. ગઈકાલે સાંજે શહેરના અમુક વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. રસ્તાઓ ભીના થઈ ગયા હતા અને વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. આજે દિવસ દરમ્યાન પણ વરસાદી ઝાપટા પડતા રહ્યા હતા. જો કે ક્યારેક ક્યારેક ઉઘાડ નીકળતા બફારો પણ અનુભવાયો હતો. ગઈકાલે સાંજે અને આજે દિવસ દરમ્યાન પડેલા વરસાદના કારણે ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે જ મોસમનો કુલ વરસાદ ૫૧૦ મી.મી. જેટલો થયો છે.

## ગુડા દ્વારા અડાલજમાં LIGના ૯૬ આવાસોનો ટૂંકમાં ડ્રો કરાશે

**રેરામાં આખરે ચેરમેન ની નિમણુક કરી દેવાતા યોજનાને ઝડપથી મંજૂરી મળશે**

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા નવા આવાસો બાંધવાની યોજનાના કામમાં હવે ગતિ આવશે ગુડા દ્વારા ૨૬૬૨ આવાસો તૈયાર કરવાની યોજના નું કામ હવે ઝડપથી હાથ ધરવામાં આવશે. જ્યારે રેરામાં ચેરમેનની નિમણૂંક થઈ જતાં હવે સમસ્યાનો હલ થયો છે આ ઉપરાંત અડાલજમાં એલઆઈજીના ૯૬ આવાસનો ડ્રો ટૂંકમાં કરવામાં આવશે. રેરામાં ચેરમેનની જગ્યા લાંબા સમયથી ખાલી હતી રીયલ એસ્ટેટ રેગ્યુલારિટી ઓથોરિટીના ચેરમેનની જગ્યા ગત નવેમ્બર ૨૦૨૨માં ખાલી હોવાના લીધે અનેક પ્રશ્નો ઉભા થયા હતા. જ્યારે ઓથોરિટીમાં સભ્યોની નિમણૂંક કરવાની બાકી હતી. આ જગ્યાઓ ઘણા સમયથી ખાલી હોવાના લીધે ગાંધીનગરની ૧૦૦ જેટલી ખાનગી સ્કીમ માટેની અરજીનો પણ નિકાલ આવતો નથી આવા સંજોગોમાં ગુડા દ્વારા પણ ૨ અબજ થી વધુ ખર્ચે આર્થિક નબળા પરિવારો માટે આવાસ તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

**મનપાની કચેરી પર ઢોર ડબ્બામાં**

## પશુઓના મોત બાબતે રજુઆત કરવા જતા બે કાઉન્સીલર સહિત ૧૮ની અટકાયત



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપામાં ઢોરવાડાને લઈ ઉભા થયેલા વિવાદ અંગે રજુઆત કરવા જતા કોંગી કાઉન્સીલરો અંકિત બારોટ, ગજેન્દ્રસિંહ વાઘેલા સહિત ૧૮ લોકોને આજે પોલીસે મનપા કચેરીના દરવાજે જ અટકાવી અને અટકાયત કરી હતી.

મનપાના ઢોરવાડામાં પશુઓના થઈ રહેલા મોતના મામલે આ રજુઆતકર્તાઓ આવ્યા હતા. બપોરે ૧૨.૩૦ વાગ્યાના સુમારે ગાયના નાના બચ્ચા સાથે આવેલા તમામે સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવ્યુ હતુ.

એક તબક્કે મનપાનો પ્રવેશદ્વાર પણ બંધ કરી દેવાયો હતો. પોલીસે સૂત્રોચ્ચાર કરી રહેલા ૧૮ વ્યક્તીઓની અટકાયત કરી હતી.

સે. ૩૦માં આવેલા ઢોર ડબ્બામાં યોગ્ય સુવિધાના અભાવે ગાયોના મોત થઈ રહ્યા હોવાની ગૌરક્ષકો અને માલધારીઓમાં બુમરાણ ઉઠી હતી. ગઈકાલે ભાંભરના ગૌરક્ષકો અને માલધારીઓએ સે. ૩૦ના ઢોર ડબ્બાની મુલાકાત લેતાં મૃત પશુઓના મૃતદેહ દયનીય સ્થિતિમાં પડ્યા હતા. જેના પગલે સીએનડીસી વિભાગની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

થોડા વખત અગાઉ રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રીએ પણ ઢોર ડબ્બાની ક્ષમતામાં અને સુવિધામાં સુધારો કરવાને લઈ સૂચનાઓ આપી હતી. ઢોર ડબ્બાના વેટરનરી તબીબ વધારાના ચાર્જમાં ભારણના કારણે ઢોર ડબ્બે નિયમિત નહિ જતા હોવાની પણ બુમરાણ મચી છે.

બીજી તરફ ઢોર ડબ્બાની કામગીરી અંગે પણ અનેકવિધ આક્ષેપો થયા છે. અહિ દંડની જોગવાઈઓમાં મોટુ કૌભાંડ આચરવામાં આવ્યાની પણ વાતો લોકજીભે ચર્ચામાં છે.

ગાંધીનગર મનપાની સેવાઓના વિવાદો થંભવાનું નામ લેતા નથી. આજે આખો દિવસ નગરજનોમાં ઢોર ડબ્બાની સ્થિતિનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ચર્ચામાં રહ્યો હતો.

મનપાની ચૂંટાયેલી પાંખ અને સંગઠનની સંકલન સમિતિમાં પણ આ મુદ્દો જ ચર્ચામાં છવાયેલો રહ્યો હોવાના અહેવાલો છે.

## સ્થાયી સમિતિના ચેરમેન સહિત ૧૧ કાઉન્સીલરે ઢોર ડબ્બામાં પગલાં લેવા માંગ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મનપાના સે. ૩૦ ખાતે આવેલ ઢોર ડબ્બામાં ચાલતી ગેરરીતિના અનુસંધાનમાં જવાબદાર અધિકારી કર્મચારી સામે કડક પગલાં લેવાની માંગણી સ્થાયી સમિતિના ચેરમેન સહિત ૧૧ જેટલા કાઉન્સીલરોએ કમિશનરને એક પત્ર લખ્યો છે.

આ પત્રમાં ઢોર ડબ્બા ખાતે દંડ વસુલવાની બાબતમાં પણ ઓછો દંડ વસુલની કાર્યવાહીમાં ગોટાળાઓ થયાની જાણ થયેલ છે. આ અંગેની એક પેનડ્રાઈવ પણ પત્ર સાથે જોડવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મનપાને નાણાંકીય નુકશાન થાય તે રીતે દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે અને ભ્રષ્ટ્રાચાર થઈ રહ્યો છે તો તાકીદે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

ગાંધીનગર મનપામાં ઢોર ડબ્બાનો વિવાદ આ પત્ર સાથે નવા વળાંકે આવીને ઉભો થઈ ગયો છે. આજે આ પત્રની નકલ કમિશનરને આપવામાં આવી હોવાનું જાણવા મળતાં જ મનપાની કચેરીમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

## ત્રણ દિવસ દરમિયાન ૧૨,૦૦૦થી વધુ શિક્ષકોને બદલીનો લાભ મળશે

**ગુજરાતમાં જ્ઞાન સહાયક યોજનાનો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી લાખો વિદ્યાર્થીઓના હિતમાં પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રાખવાનો સરકાર દ્વારા મહત્વનો નિર્ણય**

ગાંધીનગર, તા. ૨૫

પ્રેસ કોન્ફેરેન્સ દરમિયાન આજે શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં 'જ્ઞાન સહાયક યોજના'નો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી લાખો વિદ્યાર્થીઓના હિતમાં 'પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રાખવાનો સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે,સરકારી અને અનુદાનિત પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ નિયમિત શિક્ષકથી ભરાય નહીં ત્યાં સુધી વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરવા 'પ્રવાસી શિક્ષક યોજના'ને વધુમાં વધુ છ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે,રાજય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષકો માટે જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પ (તાલુકા-ફેર)નું આયોજન બે તબકકામાં

**૧૭,૧૭૪ શિક્ષકોએ બદલીનો લાભ લીધો**

| | |
|---|---|
| ● ગંગા સ્વરૂપા/વિધુર કેટેગરીમાં | ૩૪૪ |
| ● દિવ્યાંગ કેટેગરી | ૧૭૪ |
| ● પ્રાથમિક શિક્ષક દંપતી | ૧૩૮૦ |
| ● સરકારી દંપતી | ૩૨૦ |
| ● અનુદાનિત દંપતિ | ૧૩૯ |
| ● વાલ્મિકી અગ્રતા | ૮૩ |
| ● સિનિયોરીટી કેટેગરીમાં સૌથી વધુ | ૧૪,૨૫૮ |

તેમજ મૂળ શાળા પરતનો લાભ ૪૭૬ એમ કુલ ૧૭,૧૭૪ શિક્ષકોએ બદલીનો લાભ લીધો છે.

સરકારી પ્રાથમિક શાળાના કુલ ૧૭,૧૭૪ શિક્ષકોને જિલ્લા ઓનલાઈન બદલી કેમ્પ દ્વારા સ્થળ પસંદગી કરી બદલીનો લાભ અપાયો. શિક્ષકોની બદલીઓની વિગતો આપતાં કહ્યું કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૭,૧૭૪ શિક્ષકોએ પસંદગી મુજબના સ્થળ પર સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી બદલીનો લાભ લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર




ગાંધીનગરમાં પવિત્ર અધિક શ્રાવણ માસમાં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના શિવમહિમ્ન સ્ત્રોતના સત્સંગે ભક્તિમય વાતાવરણ અને ધર્મપ્રેમી નાગરિકોમાં અનેરું આકર્ષણ સર્જ્યુ છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ના હોલમાં દરરોજ સાંજે ૬ થી ૮ વાગ્યા દરમિયાન મોટી સંખ્યામાં શ્રાવકો શિવમહિમ્ન સ્ત્રોતના આ ભક્તિ સત્રનો લ્હાવો લેવા ઉમટે છે. પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી ગાંધીનગરમાં સમદર્શન આશ્રમમાં છેલ્લા ૨૫ વર્ષોથી ઉપનિષદ અને ગીતાજીનો નિયમિત સત્સંગ કરાવી રહ્યા છે. સત્સંગના ૨૫મા વર્ષે 'કૃપાપર્વ'ની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણી અંતર્ગત શિવમહિમ્ન સ્ત્રોત સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૦મી જુલાઈ સુધી શિવમહિમ્ન સ્ત્રોત સત્સંગ ચાલશે. શિવભક્તોએ આ ધર્મલાભ ચૂકવા જેવો નથી.

## શહેરમાં વિવિધ કક્ષાના ૭૦ જેટલા મકાનોનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ

**ગ, ઘ , ચ, ચ-૧ અને છ સહીત વિવિધ કક્ષાના મકાનોના મજબુતીરણ પાછળ અંદાજિત રૂ ૧.૭૫ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં સાડા ચાર દાયકાથી જુના મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી અલબત્ત મોટાભાગના મકાનો જોખમી હોવાના લીધે તંત્ર દ્વારા તબક્કાવાર આવાસો તોડવા માટે પણ દરખાસ્ત બાદ મંજુરીના અંતે કડુસલો કરી દેવામાં આવે છે. જયારે બીજીતરફ સેકટરોમાં નવી ટાવર કોલોની તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. નવા આવાસો બાંધવા સહીત સેકટરોમાં વિવિધ કક્ષાના જે મકાનોની હાલત રહેણાંકને લાયક છે તેવા આવાસોને મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવામાં આવે છે. શહેરના સે- ૨૩, સે-૮ સે-૧૯ અને સે-૨૦ માં ગ, ગ-૧ ખ, ઘ અને ચ-૧ તેમજ છ કક્ષાના વિવિધ મકાનોનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૧.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં એકબાજુ જોખમી અને ભયજનક મકાનો તોડવામાં આવી રહ્યા છે. જોખમી આવસો તોડીને ખુલ્લી થયેલી જગ્યા પર નવી ટાવર કોલોની તૈયાર કરવામાં આવી રહી છે. બીજીતરફ દાયકાઓ જુના આ જુદી જુદી કક્ષાના મકાનો પૈકી ઘણાં મકાનો હાલ પણ રહેણાંકની સ્થિતિ માટે યોગ્ય છે. જેને ધ્યાનમાં રાખીને આ આવાસોનુ મજબુતીકરણ કરવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવે છે. શહેરમાં અગાઉ પણ વિવિધ કક્ષાના આવાસોનુ મજબુતીકરણ કરવામાં આવ્યુ હતુ જયારે અગાઉ હાથ ધરવામાં આવેલા સર્વે અનુસાર અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ જોખમી મકાનો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવે છે. બીજીતરફ આવાસોના સર્વે બાદ જરૂરી મકાનો રીનોવેશન હેઠળ પણ આવરી લેવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. જેને અનુલક્ષી શહેરમાં સે- ૨૩ માં ગ-૧ કક્ષાના ત્રણ બંગલાનુ રીનોવેશન કરવા માટે આયોજન કરાયુ છે જેની પાછળ અંદાજિત રૂ ૧૩ લાખનો ખર્ચ કરાશે.

આ ઉપરાંત સે- ૮ અને સે- ૨૪ માં ગ-૧ તેમજ ઘ, ઘ-૧ અને ચ-૧ તેમજ છ કક્ષાના ૧૨ આવાસોનુ રીનોવેશન કરાશે જેની પાછળ અંદાજિત રૂ ૩૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત સે-૧૯ માં ખ, ગ અને ગ-૧ તેમજ ઘ કક્ષાના ૨૫ મકાનોનુ રીનોવેશન કરવામાં આવશે આ આવાસોની દશા સુધારવા માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત સે-૨૦ માં ગ - ૧ કક્ષાના ૨૫ બંગલામાં રીનોવેશનને

● અનુસંધાન પાન-૭ પર

## રાજકોટ પ્રધાનમંત્રીના કાર્યક્રમ માટે ગાંધીનગર ડેપોથી ૧૪ બસો રૂટમાં દોડશે

**એસ ટી બસ આ રૂટમાં દોડાવાથી શહેરી બસ સેવાનો રૂટીન બસ વ્યવહાર પ્રભાવિત થશે**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાના વિવિધ રૂટનુ સંચાલન કરવામાં આવે છે. જયારે એસ ટી ડેપો કક્ષાએથી વધારાની બસ સેવાનુ પણ આયોજન કરવામાં આવે છે. તહેવારો તેમજ ધાર્મિક પ્રસંગે પણ નાગરિકોને યોગ્ય વાહન સેવા મળી રહે તે માટે ખાસ બસો રૂટમાં દોડાવામાં આવે છે આ ઉપરાંત સરકારી કાર્યક્રમો તેમજ લગ્નવર્ધિમાં પણ વધારાની બસ સેવા થકી વધુ આવક ઉભી થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. પ્રધાનમંત્રીના આગામી રાજકોટ કાર્યક્રમનને અનુલક્ષીને પણ રાજકોટ રૂટમાં ૧૪ જેટલી બસો દોડાવવા માટે આયોજન કરી દેવાયુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાનુ સંચાલન કરવામાં આવે છે. બીજીતરફ એસ ટી ડેપો આવક વધારવા માટે ધાર્મિક , સરકારી તેમજ ચુંટણીલક્ષી કાર્યક્રમો અને લગ્નવર્ધિ માટે પણ બસો ફાળવે છે. આવા સંજોગોમાં વડાપ્રધાન પણ આગામી ગુરુવારે ગુજરાતની મુલાકાત લેવાના છે. રાજકોટમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેનો અનુલક્ષી કાર્યકર્તાઓ તેમજ આમ નાગરિકોને રાજકોટ જવા માટે એસ ટી ડેપો દ્વારા પણ બસો ફાળવવામાં આવી છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી કાર્યક્રમ અન્વયે ૧૪ જેટલી બસો રાજકોટના રૂટમાં દોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે શહેરી બસ સેવાનો રૂટ પણ ખોરવાશે અલબત્ત બસોની ઘટ પ્રવર્તશે આમ પણ શહેરી બસ સેવા અન્વયે સરખેજ સહીતના કેટલાક રૂટમાં સમયસર બસ સેવા

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના ૮૭ જળાશયોમાં ૯૦ ટકાથી વધુ પાણીની આવક થતા હાઈ એલર્ટ પર

ગાંધીનગર તા ૨૫

રાજ્યમાં વરસી રહેલા વરસાદને કારણે રાજ્યના મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૬૪.૯૭ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૨,૩૪,૯૦૫ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શક્તિના ૭૦.૩૧ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

સ્ટેટ ફલડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવ્યાનુસાર તા. ૨૫ જુલાઈ, ૨૦૨૩ની સ્થિતિએ રાજ્યભરમાં ૫૮ જળાશયો એવા છે કે જેમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. ૬૧ જળાશયોમાં (સરદાર સરોવર સહિત) ૭૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ, ૩૦ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસંગ્રહ, ૩૮ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જળસંગ્રહ, ૧૯ જળાશયોમાં ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો તથા સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં થઈ રહેલા વરસાદના પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૫૮ જળાશયો તથા ૯૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ થયેલા ૨૯ જળાશયો મળી કુલ ૮૭ જળાશયો હાઈ એલર્ટ પર છે. જયારે ૮૦ ટકાથી ૯૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૧૬ જળાશયો એલર્ટ પર અને ૭૦ ટકાથી ૮૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૧૫ જળાશયોને સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com